Career Counselling and Development Centre
**SAURASHTRA UNIVERSITY**
104, 1st Floor, Academic Centre, B/h. Central Bank of India.
Saurashtra University Campus, Rajkot-360 005
Ph.: 0281 - 2587144, ccdcsauni@yahoo.co.in

CCDC

Re-Accredited
Grade B by N A A C
(CGPA 2.93)

*Co-ordinator*
**Dr. Nikesh A. Shah**

**Ref. :**
**Date :** 23-03-2015

# પ્રેસનોટ

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંતર્ગત ચાલતા Career Counselling & Development Centre દ્વારા ૨ એપ્રિલ ૨૦૧૫ થી નાયબ મામલતદાર અને સેકશન ઓફિસર GPSC (Prelims) ૭૩૩ જગ્યાઓ માટે તાલીમ વર્ગો યોજાશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંતર્ગત ચાલતા Career Counselling & Development Centre દ્વારા **નાયબ મામલતદાર અને સેકશન ઓફિસર** GPSC (Prelims) નવા ફોરમેટ મુજબના પરીક્ષાર્થીઓને તૈયારી માટે યોગ્ય માર્ગ દર્શન મળી રહે તે હેતુથી આગામી **૨ એપ્રિલ ૨૦૧૫ થી** નાયબ મામલતદાર અને સેકશન ઓફિસર **GPSC (Prelims)** કોચિંગ વર્ગોનું આયોજન કરેલ છે.

વિદ્યાર્થીઓ આગવી તથા સફળતાપૂર્વક તૈયારી કરી સારૂ પરિણામ લાવી શકે તે ધ્યાન ઉપર લઇ સી.સી.ડી.સી. દ્વારા તા.૦૨-૦૪-૨૦૧૫ ગુરૂવાર થી સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ (દરરોજ બે કલાક) **GPSC** તાલીમ વર્ગનું આયોજન કરાયેલ છે. આ વર્ગમાં ભાગ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ તા.૩૦-૦૩-૨૦૧૫ સુધી તેમનું ટોકન ફી સાથે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોય વહેલા તે પહેલાનાં ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

તાજેતરમાં **નાયબ મામલતદાર અને સેકશન ઓફિસર** ની ૭૩૩ જેટલી જગ્યાઓ માટે ભરતી ની જાહેરાત થયેલ છે. આ ભરતીની પરીક્ષામાં વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક તૈયારી કરી શકે તે માટે નિષ્ણાંતો દ્વારા પ્રાથમિક કસોટીના હેતુલક્ષી પ્રકારનું સામાન્યજ્ઞાનના પ્રશ્નપત્રની તૈયારીમાં સામાન્ય વિજ્ઞાન, ભારતનું બંધારણ, તાજેતરના મહત્વના રાષ્ટ્રીય મુદાઓ/બનાવો, ગુજરાતની ભૌગોલિક બાબતો તથા કુદરતી સંપતિ, ગુજરાતની ખેતી અને ઉદ્યોગો, ગુજરાતનો સાંસ્કૃતિક વારસો–સાહિત્ય, કલા, ધર્મ, બૌદ્ધિક કસોટી, ખેલજગત, ગુજરાતની રાજનીતિ અને અર્થવ્યવસ્થા, પંચાયતી રાજ, મહાગુજરાત આંદોલન, ગુજરાત રાજયની સ્થાપના, અને ત્યારબાદ મહત્વની ઘટનાઓ તથા વિવિધ ક્ષેત્રે દેશમાં મહિલાઓનો ફાળો અને મહત્વના આંતરરાષ્ટ્રીય મુદાઓ વિગેરે નાં માર્ગદર્શક વ્યાખ્યાનોનું આયોજન કરાયેલ છે.

સીસીડીસીના માધ્યમથી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં ખૂબજ સારો પ્રતિભાવ મળી રહયો છે. તથા વિવિધ સરકારી પરીક્ષાઓમાં પરીણામમાં ખૂબ જ સુંદર દેખાવ વિદ્યાર્થીઓ દ્વારા થઈ રહયો છે ત્યારે સીસીડીસી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સરકારશ્રીની તમામ ભરતી પ્રક્રીયા માટે કોચીંગ વર્ગોનું આયોજન કરી રહયું છે. તાજેતરમાં ૨૦૦ વિદ્યાર્થીઓ પી.એસ.આઈ./એ.એસ.આઈ. ની લેખિત પરીક્ષા માટે માર્ગદર્શન મેળવી રહયા છે.

કોચીંગ વર્ગો અંગે વધુ માહિતી માટે ૧૦૪, એકેડેમીક સેન્ટર, પહેલો માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ પર સંપર્ક કરવા વિનંતી.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.
આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(ડૉ. એન.એ.શાહ)
Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)